ક્રમાંકઃ મઉમશબ/સંશોધન/૨૦૨૧/૧૬૪૨-૭૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૨૫/૦૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષયઃ- કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૮૪૧-૭૫. તા.૨૩/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૬૨૬-૬૦. તા.૧૯/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્રક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૦/૪૧૨૧-૫૫. તા.૨૧/૧૨/૨૦૨૦.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે રાજ્યમાં કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે અમુક લોકો સ્થળાંતર કરી રહ્યા હતા. તેથી કેટલાક વિદ્યાર્થીઓ શાળામા પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયેલ હતા. જે બાબત ધ્યાને લઈને અત્રેના સંદર્ભ-૧ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાં તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી શાળા કક્ષાએથી પ્રવેશ આપી શકાશે અને તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકાશે ત્યાર બાદ સંદર્ભ-૩ દર્શિત પત્રથી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકાશે તેમ જણાવેલ હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને મળેલ રજૂઆતને ધ્યાને લેતાં કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માં ધોરણ-૯ થી ૧૨ માં પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને તા.૩૧/૦૧/૨૦૨૧ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી શાળામાં પ્રવેશ આપી શકાશે. કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે ચાર વાર મુદત લંબાવવામાં આવેલ હોઈ તેમજ પ્રવેશની કામગીરી પણ શાળાકક્ષાએ પૂર્ણ થઇ જ ગયેલ હોય જે બાબત ધ્યાને લેતાં પ્રવેશ માટેની તારીખ હવે પછી લંબાવવામાં આવશે નહી. વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મેળવવા માટેની આ છેલ્લી તક આપવામાં આવે છે. જેની નોંધ લેવા તેમજ ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારૂ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંકઃ-મા.વિ.૩/પરીપત્ર/૨૦૨૧/3262

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ : ૨૭/૦૧/૨૦૨૧

ર/-ગુજરાત મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૧/૧૬૪૨-૭૬,તા.૨૫/૧/૨૦૨૧ નો પત્ર અન્વયે જાણ તથા ઉપરોક્ત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોન ગ્રાન્ટેડ, માધ્ય.અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ. બનાસકાંઠા

Scanned by CamScanner